**તાપમાન**
મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૧૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૩ | ૧૪ મે, ૨૦૧૬, શનિવાર ; વૈશાખ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પંચવર્ષીય યોજના પર પૂર્ણવિરામ મુકાશે

## હવે, ૧૫ યર વિઝન અમલી બનશે : પંચ વર્ષીય યોજના ટૂંક સમયમાં જ ઇતિહાસ બને તેવી શક્યતા

## હાલમાં ચાલી રહેલી ૧૨મી પંચવર્ષીય યોજના માટેની અવધિ આગામી વર્ષે માર્ચમાં પૂર્ણ થશે

નવી દિલ્હી,તા. ૧૩

દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની આર્થિક નિતીની ભેંટ ગણાતી પંચવર્ષીય યોજનાઓ હવે ટુંક સમયમાં જ ઈતિહાસ બની જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે હાલમાં પંચવર્ષીય યોજના બાદ આ નિતિને ૧૫ વર્ષના વધારે વિસ્તૃત સમયની વિજનથી બદલી દેવાનો નિર્ણય કર્યો છે. હાલમાં ૧૨મી પંચવર્ષીય યોજનાની અવધિ આગામી વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૭માં માર્ચમાં પૂર્ણ થનાર છે. વડાપ્રધાનની કચેરીના સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે સરકારની આ વિજન યોજનાને એક પોલીસીમાં બદલી નાંખવા માટે આગામી વર્ષે એનડીએ, નેશનલ ડેવલપમેન્ટ એજન્ડા હેઠળ સાત વર્ષની રણનિતિ તૈયાર કરશે. પંચવર્ષીય યોજનાઓના ક્ષેત્રમાં વધારો કરીને આ એજન્ડામાં સામાજિક અને આર્થિક ક્ષેત્રોની સાથે સંરક્ષણ અને આંતરિક સુરક્ષાને પણ સામેલ કરવામાં આવનાર છે. નેશનલ ડેવલપમેન્ટ એજેન્ડાની દર ત્રણ વર્ષમાં સમીક્ષા કરવામાં આવનાર છે. તેનુ પ્રથમ વખત મુલ્યાંકન વર્ષ ૨૦૧૯-૨૦ના ગાળામાં કરવામાં આવનાર છે. આ વર્ષે જ આગામી ફાયનાન્સ કમીશન બોર્ડ લાગુ કરવામાં આવનાર છે. સાથે સાથે નવી લોકસભાની ચૂંટણી પણ યોજવામાં આવનાર છે.

સુત્રોના કહેવા મુજબ સરકાર નવા એજન્ડાને ફાયનાન્સ કમીશનની સાથે જોડીને સરકાર નાણાંકીય સંશાધનોની ખાતરી કરવાની ઈચ્છા ધરાવે છે. રાજ્યો અને સ્થાનિક એકમોની સાથે દરેક પાંચ વર્ષમાં કેન્દ્રના ટેક્સ રેવેન્યુની હિસ્સેદારી વહેચણીની જવાબદારી ફાયનાન્સ કમીશનને સોંપવામાં આવી રહી છે. મોદી સરકારે બે વર્ષ પહેલા સત્તા સંભાળી લીધા બાદ યોજના પંચને ખતમ કરવાની જાહેરાત કરી દીધી હતી. જેની સ્થાપના નહેરુ દ્વારા જ વર્ષ ૧૯૫૦માં કરવામાં આવી હતી.

## બેની પ્રસાદ કોંગીની સાથે છેડો ફાડ્યો



લખનૌ,તા. ૧૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા બેની પ્રસાદ વર્માએ ફરીએકવાર સમાજવાદી પાર્ટીમાં એન્ટ્રી કરી લીધી છે અને કોંગ્રેસ સાથે છેડો ફાડી લીધો છે. બેનીપ્રસાદ વર્મા સમાજવાદી પાર્ટીના સ્થાપક સભ્યો પૈકીના એક હતા. તેઓ પાંચ વખત લોકસભા સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. યુપીએના બીજા શાસનકાળમાં તેમને કેન્દ્રીય સ્ટીલ પ્રધાન બનાવવામાં આવ્યા હતા. એક અગ્રણી અખબારના અહેવાલ મુજબ બેનીપ્રસાદે સપાના વડા મુલાયમસિંહ, મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને આઝમ ખાનની હાજરીમાં પાર્ટીમાં વાપસી કરી છે.

## દિલ્હી-પાનીપત પેસેન્જર ટ્રેનમાં બ્લાસ્ટથી ચકચાર

પાનીપત,તા. ૧૩

દિલ્હી-પાનીપત પેસેન્જર ટ્રેનમાં એક ડબ્બામાં બ્લાસ્ટ થતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ બનાવમાં ૧૫ વર્ષીય એક કિશોરને ઈજા થઈ છે. માહિતી આપતા પોલીસે કહ્યું છે કે, આ મામલામાં તપાસ ચાલી રહી છે. બ્લાસ્ટ માટેના કારણોને હજુ સુધી જાણવામાં સફળતા મળી નથી. સવારે ૭.૪૫ વાગ્યાની આસપાસ આ બ્લાસ્ટ થયો હતો.

# અમદાવાદમાં વિક્રમી ગરમી : રેડ એલર્ટ

## પારો ૪૫ સુધી પહોંચ્યો, ચેતવણી જારી : આગામી ચાર દિવસ માટે હિટવેવની ચેતવણી જારી થતાં ચિંતા

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ શહેરમાં અગ્નિજવાળા જેવી ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. તાપમાન સતત વધતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગઈકાલની સરખામણીમાં આજે પારો વધુ ઉપર પહોંચ્યો હતો જેથી આકાશમાંથી આગ વરસે છે તેવો અનુભવ લોકોએ કર્યો હતો. ખાસ કરીને બપોરના ગાળામાં લોકો ભારે મુશ્કેલીમાં દેખાયા હતા. જનજીવ પણ ખોરવાઈ ગયું હતું. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ગઈકાલ કરતા વધીને ૪૪.૬ સુધી પહોંચ્યું હતું. જો કે, ગુજરાત વેધર કન્ડીશન મુજબ પારો અમદાવાદમાં ૪૫ રહ્યો હતો. આ ઉપરાંત ગાંધીનગરમાં ૪૫, ધ્રાંગધ્રામાં પારો ૪૫ સુધી પહોંચ્યો હતો. જ્યારે ભારતીય હવામાન



વિભાગ મુજબ અમદાવાદમાં પારો આજે ૪૪.૬ રહ્યો હતો. રાજ્યના જે ભાગોમાં આજે પણ ૪૪થી ઉપર પારો રહ્યો હતો તેમાં અમરેલીમાં ૪૪, રાજકોટમાં ૪૪, સુરેન્દ્રનગરમાં ૪૪.૩, કંડલા એરપોર્ટ ખાતે ૪૪ તાપમાન રહ્યું હતું. અમદાવાદ ભઠ્ઠીમાં ફેરવાઈ ગયું હતું. બીજી બાજુ આગામી ચાર દિવસ સુધી હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. એકબાજુ પારો વધી રહ્યો છે ત્યારે શહેરના જુદા જુદા ભાગોમાં પ્રદૂષિત પાણી અને ગંદકી ફરિયાદ પણ ઉઠી રહી છે. આજે યથાવતરીતે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો જેથી એસી અને પંખાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશન દ્વારા આગોતરી તૈયાર કરવામાં આવી હતી. મહત્તમ તાપમાનમાં વધારો થતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. સ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

# માલેગાંવ બ્લાસ્ટ મામલે સાધ્વી પ્રજ્ઞાને ક્લીનચીટ

## પુરતા પુરાવા ન હોવાના કારણે મકોકા જોગવાઈ દૂર કરવામાં આવી : આરોપો પડતા મુકવામાં આવતા સાધ્વી પ્રજ્ઞાની જેલમાંથી મુક્તિ માટેનો માર્ગ મોકળો



મુંબઈ,તા. ૧૩

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા વર્ષ ૨૦૦૮માં માંલેગાંવ બોંબ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં આજે ખાસ એનઆઈએ કોર્ટમાં બીજી ચાર્જશીટ દાખલ કરી દીધી હતી. આ ચાર્જશીટમાં મામલાના મુખ્ય આરોપી સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરને ક્લીનચીટ આપી દેવામાં આવી છે. લેફ્ટી કર્નલ પુરોહિતની સામે મકોકાની કલમ દૂર કરી દેવામાં આવી છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા માલેગાંવ બ્લાસ્ટ કેસમાં પ્રજ્ઞા અને અન્ય ચારના નામને આરોપી તરીકે દૂર કરી દીધા હતા. એનઆઈએના ડીજી શરદ કુમારે કહ્યું હતું કે, સાધ્વી પ્રજ્ઞાની સામે યોગ્ય પુરાવા નહીં મળવાના કારણે મકોકાની કલમ હટાવવામાં આવી છે.

એનઆઈએને માલેગાંવ બ્લાસ્ટના મામલામાં બીજી પુરક ચાર્જશીટ પણ દાખલ કરવાની હતી. સાધ્વી પ્રજ્ઞા ઉપરાંત અન્ય ચાર આરોપી લોકેશ શર્મા, શિવનારાયણ કલસાંગરા, શ્યામ ભંવરલાલ સાહૂ અને પ્રવિણને પણ ક્લીનચીટ આપી દેવામાં ાવી છે. અન્ય આરોપી લેફ્ટી કર્નલ પ્રસાદ શ્રીકાંત પુરોહિત ઉપર યુએપીએ હેઠળ આરોપો મુકવામાં આવ્યા છે. આઈપીસીની અન્ય કલમો રાખવામાં આવી છે. પ્રજ્ઞા સામે આરોપો પડતા મુકવાની સાથે જ જેલમાંથી વહેલીતકે મુક્તિનો માર્ગ મોકળો થઈ ગયો છે. એનઆઈએ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, તપાસમાં બ્લાસ્ટમાં પ્રજ્ઞાની સંડોવણી પુરવાર કરે તેવા કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે નાસિક જિલ્લામાં માલેગાંવ

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદમાં હિટવેવને પગલે ૪૦૦ બેભાન

## તીવ્ર ગરમીના કારણે જુદી જુદી તકલીફો થઇ : રાજ્યમાં અત્યાર સુધીમાં ૭,૫૯૦ નાગરિકો હિટવેવનો શિકાર

અમદાવાદ,તા.૧૩

સમગ્રરાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે.આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે તેવા સમયે અમદાવાદ શહેરમાં રવિવારના દિવસે રેકોર્ડબ્રેક ગરમી પડવાની હવામાન વિભાગની આગાહીની વચ્ચે ૪૦૦ જેટલા લોકો બેભાન બનવા પામ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.અમદાવાદ શહેરમાં પહેલાં ઓરેન્જ વોર્નિંગ અને હવે રેડએલર્ટ જારી કરવામાં આવતાં અમદાવાદની ૧૦૮ની ઓફિસ ખાતે ગરમીના કારણે નોંધાતા કેસોને નવ જેટલી કેટેગરીમાં વહેંચી નાંખવામાં આવ્યા છે.અમદાવાદ શહેરમાં ૧૨મી મે સુધીમાં ગરમીના કારણે બિમાર પડવાના કુલ-૧૯૯૬ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.જેમાં ૪૦૦ જેટલા દર્દીઓને તો ૧૦૮ દ્વારા બેભાન હાલતમાં રિસીવ કરવામાં આવ્યા હતા.ખાનગી દવાખાનાઓમાં પણ ગરમીના કારણે રોગની સારવાર લેવાના સંખ્યાબંધ કેસો સામે આવી રહ્યા છે.જેમાં લૂ લાગવાના કારણે ચકકર આવવાના અને ઝાડા-ઉલટીના કેસો મુખ્યત્વે સામે આવવા પામ્યા છે.ગરમીના કારણ ૧૦૮ દ્વારા પણ ખાસ કેટલાક પગલાં લેવામાં આવ્યા છે.જેમાં હિટ રિલેટેડ બિમારીઓને લઈને ૧૦૮ના સભ્યોને વિશેષ તાલિમ આપવામાં આવી છે.ગરમીના કોપનો ભોગ બનેલા દર્દીનું ટેમ્પરેચર રેકોર્ડ પણ ચેક કરીને હોસ્પિટલવાળાને આપવામાં આવી રહ્યું છે જેથી ઝડપથી સારવાર આપી શકાય.રાજ્યમાં અત્યારસુધીમાં ગરમીનો કુલ ૮૩૬૧ લોકો ભોગ બની ચુક્યા છે.હજુ પણ ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે.આ સંજોગોમાં કામ સિવાય લોકોને ઘરની બહાર ન નીકળવાની પણ સલાહ આપવામાં આવી છે.

















